## શ્રીમદ્ વલ્લભાચાર્ય  રચિત ||નવરત્નમ્||

### ગ્રંથ નો સાર :

કલીકાલમાં લૌકિક અલૌકિક આધી વ્યાધી ઉપાધી અને ડગલે પગલે નડતા દુઃસંગ વગેરે અનેક કારણોસર માનવીનું ચિત્ત ડહોળાઇ જતું હોય છે, મનમાં સંતાપ રહ્યા કરતો હોય છે. આને કારણે જીવનમા તથા ભગવત્સેવામાં વિક્ષેપ પડે છે અને આમ વૈષ્ણવતા નો ભાવ ઓછો થતો જઇ માનવીને પ્રભુથી વિમુખ બનાવે છે. વૈષ્ણવની આ ચિંતા ઓછી કરવા/દૂર કરવા અને મનને સ્થિર કરવા શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ નવરત્નમ્ ગ્રંથની રચના કરી છે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ગ્રહોની સંખ્યા નવ છે અને તે જીવ માત્રને તેના કર્મ અનુસાર અસર કરે છે. આ અસરથી બચવા માટે માનવી મંત્રોના જપ કરે છે, જે તે ગ્રહનું રત્ન વીંટી પહેરે છે. આમ કરવાથી ગ્રહ દશા ઉતરી જાય છે એવું માનવીનું માનવું છે. પુષ્ટીજીવોને ગ્રહદશાથી બચાવવા શ્રી મહાપ્રભુજીએ કૃપા કરી નવશ્લોકો રૂપી નવરત્નનો હાર ભેટમાં આપ્યો છે. દરેક શ્લોક એક એક ગ્રહની શાંતિ અર્થેનો છે. આ નવ શ્લોકોનો પાઠ કરવાથી જપ કર્યા બરાબર ગણાય, નવ શ્લોકોને ધારણ કરવાથી જે તે ગ્રહના રત્નો ધારણ કરવની જરૂર નથી. આ ગ્રંથનો શ્રધ્ધાપૂર્વક પાઠ કરનારની સર્વે લૌકિક અને અલૌકિક ચિંતાઓ દૂર થઇ જાય છે.

આ ગ્રંથનો પાઠ કરવાથી માનવીને બોધ મળે છે કે શ્રી હરિ અત્યંત કૃપાળુ છે. એના અનુગ્રહ પાસે ગ્રહોની કોઇ જ વિસાત નથી. હરિ કદિ કોઇનું ખરાબ કરે નહીં. લૌકિક રીતે આપણને જે કંઇ સારૂં નરસું બનતું જણાય છે તે હરિની ઇચ્છાને આધિન રહીને જ બનતું હોય છે. માનવીની શકિત હરિની શકિત સામે અત્યંત તુચ્છ છે. પ્રત્યેક વસ્તુનો માનવી રખેવાળ માત્ર હોય છે-નહીં કે માલિક. સંસારની મોહમાયા અને અહંતા બની શકે તેટલા ત્યાગ કરવા એજ કલ્યાણકારી માર્ગ છે. આપણા કુટુંબ પ્રત્યેની અહંતા તે વૈષ્ણવ છે એમ સમજી રાખવી અને હુ કરૂ છું એવી અહંતાન રાખતા પ્રભુ મારાથી જેમ કરાવે છે તેમ થાય છે એવી સાક્ષિવતતા રાખવી જેથી નવા કર્મબંધનો નથી બંધાતા.

જે વૈષ્ણવોને ભગવદાશ્રય સિધ્ધ છે તેમને માટે તો જીવનની દરેક સ્થિતિ ભગદિચ્છા પરત્વે સ્વીકાર્ય જ છે પણ જે વૈષ્ણવોને હજુ પૂર્ણ ભગવદાશ્રય સિધ્ધ થયો નથી. તેવાઓએ ગ્રહોનાં જપ વગેરેથી અન્યાશ્રય નહીં કરીને માર્ગને અનુકૂળ એવા ઉપાયો કરવા જોઇએ તે અહિં બતાવવામાં આવ્યા છે.

આ ભૌતિક યુગમાં આપણા જીવનમાં સાત્વિક અને ભક્તિ પ્રેરક આનંદનો લાભ મળે એ માનવીનું પરમ સદ્ભાગ્ય ગણાય.  આવું  સદ્ભાગ્ય સહુને મળે એવા આશયથી અને ભગવત કૃપાથી શ્રી યમુનાષ્ટકમ, નવરત્ન તેમજ નિધિ સ્વરૂપોના પુસ્તક પ્રકાશન નું કાર્યબળ સાંપડ્યું. આશા છે આ વિનમ્ર પ્રયાસ વૈષ્ણવ સૃષ્ટિમાં આવકાર પાત્ર થશે.

પુસ્તક ના સંકલનકાર્યમાં જેટલો સમય શ્રીજીની લીલા, સ્વરૂપ ભાવનામાં મારા મનનો નિરોધ થયો તે બદલ આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદનો હું આભારી છું. આ પુસ્તક સંકલનકાર્યમાં સહાય કરનાર સર્વ ભવદીયો તથા જે પુસ્તકોની સહાય મળી છે તેના લેખક અને પ્રકાશકનો આભારી છું.

ભક્તેચ્છા પૂરક શ્રી ઠાકોરજી આપણા સર્વેના મનોરથ અવશ્ય પૂરા કરશે.તેવી શ્રધ્ધા સાથે સર્વે આચાર્યવર્યોને દંડવત્ તથા વૈષ્ણવ સૃષ્ટિને ભગવદ્ સ્મરણ.

પોષ વદ ૨, ૨૦૭૦
દાસાનુદાસ શ્રી કેતનભાઇ આર.મહેતા
સર્વે વૈષ્ણવો ને જયશ્રી કૃષ્ણ